ડૉ. આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના
હેઠળ મકાન સહાય ચૂકવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ-૧૦૨૦૦૩-૨૨૦૧-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૧૭/૩/૨૦૦૬

વંચાણે લીધા:- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૧/૬/૨૦૦૫ તથા
તા.૭/૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૨૦૦૩/૨૨૦૧/ગ

**ઠરાવ:-**

આમુખમાં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૧/૬/૨૦૦૫ ના ઠરાવથી ડૉ.આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના હેઠળ મકાન સહાય ચૂકવવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજનાના પારા ૬ (૬) ની હાલની જોગવાઈ આથી રદ કરી નીચે મુજબની જોગવાઈ કરવામાં આવે છે.

૧. નિયમ ૬ (૬) આ યોજના હેઠળ ઓછામાં ઓછા ૧૦ કે તેથી વધુ લાભાર્થીઓની એક જ સ્થળે, એકસાંગરા સમુહમાં વસાહતો બનાવવા ઈચ્છતા હોય તો તેમના કિસ્સામાં આવાસો બનાવવા માટે મકાન બાંધકામનો બહોળો અનુભવ ધરાવતી બિન સરકારી / સ્વૈચ્છિક સંસ્થાઓ, કન્સ્ટ્રકશન કંપનીઓ / સંસ્થાઓ / એકમો / ઈન્સ્ટીટયૂટો / એજન્સીઓ, આર્થિક રીતે નબળા વર્ગોના લોકો માટે મોનોલેથીક કોંક્રિટ ડવેલીંગ યુનિટ બનાવતી સંસ્થાઓને મકાન/વસાહતના બાંધકામની કામગીરી સોંપી શકાશે. તેમાં બિનસરકારી / સ્વૈચ્છિક સંસ્થાને અગ્રીમતા આપવાની રહેશે.

૨. બિનસરકારી / સ્વૈચ્છિક સંસ્થાઓ, કન્સ્ટ્રકશન કંપનીઓ / સંસ્થાઓ / એકમો / ઈન્સ્ટીટયૂટો / એજન્સીઓ આર્થિક રીતે નબળાં વર્ગોના લોકો માટે મોનોલેથીક કોંક્રિટ ડવેલીંગ યુનિટ બનાવતી સંસ્થાઓની પાત્રતા નીચે મુજબ રહેશે.

(અ) બિનસરકારી સંસ્થાની નોંધણી ઈન્ડીયન સોસાયટીઝ એકટ અથવા પબ્લીક ટ્રસ્ટ એકટ હેઠળ નોંધાયેલી હોવી જોઈએ તથા આવી સંસ્થા મકાન બાંધકામ ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવતી અને સામાજિક તથા આર્થિક ઉત્કર્ષ માટે કામ કરતી સેવાભાવી સંસ્થા હોવી જોઈએ.

(પાછળ)

(બ) મકાન બાંધકામનો બહોળો અનુભવ ધરાવતી બિનસરકારી / સ્વૈચ્છિક સંસ્થાઓ, કન્સ્ટ્રકશન કંપનીઓ / સંસ્થાઓ / એકમો / ઈન્સ્ટીટયૂટો / એજન્સીઓ, આર્થિક રીતે નબળા વર્ગોના લોકો માટે મોનોલેથીક કોંક્રીટ ડવેલીંગ યુનિટ બનાવતી સંસ્થાઓ પાસે મકાન બાંધકામ કે જાહેર બાંધકામનો ઓછામાં ઓછો ૩ વર્ષનો અનુભવ હોવો જોઇએ.

(ક) આવી સંસ્થાઓ / કંપનીઓ / એકમોએ છેલ્લા ત્રણ વર્ષના ઓડીટેડ હિસાબો રજુ કરવાના રહેશે અને તે હિસાબોમાં તેમને પ્રતિવર્ષ ઓછામાં ઓછું રૂા.૧ કરોડનું ટર્ન ઓવર કરેલું હોવું જોઇએ.

ઉપર જણાવ્યા મુજબની પાત્રતા ધરાવતી સંસ્થાઓ / કંપનીઓ / એકમો પાસેથી નિગમે નિયત કરેલ સ્પેસીફિકેશન મુજબના ભાવો ટેન્ડર દ્વારા મંગાવ્યા બાદ, નિયત કાર્ય પધ્ધતિને અનુસરીને આવાસોના બાંધકામની કામગીરી કરવાની રહેશે

૩. આ યોજના હેઠળ સફાઇ કામદારોનાં હયાત આવાસોના રીપેરીંગની જોગવાઇનો ઉમેરો કરવામાં આવે છે અને તે કામગીરીમાં સ્વૈચ્છિક સંસ્થાઓને અગ્રીમતા આપવામાં આવશે.

૪. યોજનાની અન્ય શરતો / બાબતો યથાવત રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( શામજીભાઇ પટેલ )
સંયુકત સચિવ
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.**

પ્રતિ,
નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી (સા.ન્યા.અને અધિ.)ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર
નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર
સચિવાલયના અન્ય સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર